ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૮.૨ ડીગ્રી
લઘુતમ : ૩૦.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૬ ટકા ● સાંજે ૫૦ ટકા
ગાંધીનગર તાપમાન

શહેરમાં કોરોનાના ૧૦૦ દિવસ... કેવા રહ્યા

ગાંધીનગર, તા.૨૯

ભારતમાં કોરોના કોવિડ-૧૯ વાયરસના આગમનને ૧૦૦ દિવસ થઈ ગયા છે. આ સો દિવસ દરમિયાન જાણે સમગ્ર જનજીવન ઘરમૂળથી પરિવર્તન પામ્યું છે. અનેક નવા શબ્દો જે નાગરિકોએ જીવનમાં પહેલીવાર સાંભળ્યા તે માત્ર આ સો દિવસના ગાળામાં જીવનનો મહત્વનો ભાગ બની ગયા છે. આ સમયગાળા દરમિયાન નાગરિકોએ નીતનવા અનુભવો કર્યા છે, ક્યારેક હર્ષોલ્લાસથી થાળીઓ, તાળીઓ વગાડીને કોરોના વોરિયર્સને બિરદાવ્યા તો ક્યારેક દિપ પ્રગટાવી પ્રાર્થના કરવા સાથે આત્મ વિશ્વાસ કેળવ્યો છે. આ એવો સમયગાળો હતો જ્યારે દેશવાસીઓ એકબીજાથી દૂર રહીને પણ એકબીજાના પડખે ઉભા રહ્યા છે, કર્મયોગીઓએ પોતાની ફરજો બજાવી છે જ્યારે સેવા કર્મીઓએ ભૂખ્યાંજનોની આંતરડી ઠારી છે. કોરોના વોરિયર્સે આ મહામારીને હરાવવા જીવ પર ખેલીને લડત આપી છે તો સામાન્ય માનવીએ ત્રણ ત્રણ મહિના ઘરમાં પુરાઈ રહીને પોતાનું યોગદાન આપ્યું છે. આવો જાણીએ ગાંધીનગરવાસીઓ પાસેથી કે કોરોના કાળના આ ૧૦૦ દિવસ તેમના માટે કેવા રહ્યાં??

●●●

એક નારી તરીકે અને એક ડોકટર તરીકે મેં આ કોરોના કાળમાં પોતાની જાતને ઓળખી બેવડી જવાબદારીને ન્યાય આપ્યો છે. ઓનલાઈન કસરત, ગર્ભસ્થ સ્ત્રીઓને કસરત, યોગ ઉપરાંત આહારનું જ્ઞાન આપીને સતત મારા કલાયન્ટ અને પેશન્ટ સાથે સંપર્કમાં રહી છું. બધાએ પણ મને સાથ સહકાર આપીને ઓનલાઈન કસરત કરતા. હું એટલું જ કહીશ કે દરેક પોતાની અંદર રહેલી શકિતને ઓળખે અને સારું કાર્ય કરી જ શકે. જે કરવાનો મેં પ્રયત્ન કર્યો અને દિવસના અંતે એમ જ વિચારતી કે તમે કેટલા સ્માર્ટ, સ્ટ્રોંગ, સુંદર કે રીચ છો એ મેટર નથી કરતું પણ તમે ખુશ છો કે નહિ એ જરુરી છે.

- ડો. કાજલ ત્રિવેદી, ઓબેસિટી કન્સલ્ટન્ટ અને ન્યુટ્રીશન્સ, એકસરસાઈઝ સ્પેશ્યાલિસ્ટ

●●●

કોરોના મહામારી એ નગરજનો સાથે મારી જીવનશૈલીને પણ નવો પદાર્થપાઠ શીખવાડ્યો. આમ તો મેલેરીયા, સ્વાઈન ફલુ, ચીકનગુનિયા જેવી બિમારીઓ પ્રતિ વર્ષ આવતી હોય છે. પરંતુ કોવિડ-૧૯ની મહામારીએ સમગ્ર વિશ્વને તેનો અંદાજ બદલવા માટે મજબૂર કરી દીધું. બધા એમ કહેતા હતા કે પરિવાર અને પોતાના માટે સમયનો અભાવ છે. આ લોકડાઉનના ૩ મહિનામાં મને સમજ પડી કે પારિવારીક આનંદ માટેના કેટલા મજાના માર્ગો ઉપલબ્ધ છે. આ સમય દરમિયાન દરેકની જેમ દુનિયાને જોવાની મારી દૃષ્ટિમાં પરિવર્તન આવ્યું. પરિવાર અને કામ આ બંનેનો સુભગ સમન્વય સાધતા આવડયું જેમ કાળી દંબાગ રાત્રિ હોય ત્યાં સુવર્ણ સવાર હોય જ તેવી જ રીતે કોરોનાની મહામારીમાં જીવનના મહામાર્ગો ખુલી શકયા. હવા શુધ્ધ થઈ, પશુ-પક્ષી મુકત મને વિહરતા જોવા મળ્યા, નદીઓના જળ શુધ્ધ દેખાવા લાગ્યા કોઈ એક મુશ્કેલીનું દુષ્પરિણામ હોવા છતાં પણ કેટલાક ન કલ્પી શકાય એવા ઉત્તમ પરિણામો પણ મળ્યા એવું હું માનું છું. મારા મતે કોરોનાથી લડવા કે ડરવાની જરૂર નથી. કોરોના સાથે સહ અસ્તિત્વ કેળવવાની જરુર છે. જીંદગી હંમેશા જીંદાબાદ હતી અને રહેશે.

- પુલક ત્રિવેદી, સંયુકત માહિતી નિયામક અને જાણીતા કોલમીસ્ટ

●●●

કોરોનાના પ્રથમ ૧૪ દિવસમાં તો અમે અકળાઈ ગયા. આમ દરરોજ કામ કરવાની આદત હતી એટલે પણ ધીરે ધીરે ફાવતું ગયું. ધધામાં પણ બધાને પગાર આપી દીધા અને ઘરે બેસી ઓલ ઈન્ડિયા લેવલે અમારા સમાજના તમામ સભ્યો ભેગા થઈ દરરોજ ઝૂમ એપ પર ભેગા મળી ધંધા બાબતે ચર્ચા કરી ધંધાને કેમ આગળ વધારવો અને ધંધાનું ટેકનોલોજી સાથે મેનેજમેન્ટ આ વિશે ઘણું જાણવા મળ્યું અને હા હું આ દરેક બાબતો વિશે વિચારી રહ્યો છું. કોરોનાને લીધે ઘરમાં બંધાઈ ગયા પછી વધુમાં વધુ જાણકારી મેળવવાનો આનંદ થયો. હવે ધંધો પણ જેમ જેમ દિવસો જશે તેમ વધતો જશે એવુ મારું માનવું છે.

- શાંતિલાલ ઘોઘારી, વેપારી (રાજધાની હાર્ડવેર)

●●●

કોઈ પણ પરિબળનો ફાયદો અને ગેરફાયદો હોય. વેપારમાં નુકશાન થયું તો સામે તંદુરસ્તીમાં ફાયદો થયો. પરિવાર સાથે સમય પસાર કરી શકાયો. અમારે ત્યાં હજી નાસ્તાની જરૂરિયાતવાળો વર્ગ

ખરીદી માટે આવે છે બાકી બધા હજી ઘરે જ છે. મને આશા છે કે આવનાર તહેવારોમાં નગરજનો પોત પોતાના રૂટિનમાં આવી જશે પછી વાંધો નહીં આવે.

- વિપુલભાઈ સુખડીયા, વેપારી (રાધે સ્વીટસ)

●●●

આ રોગ સાવ અપરિચિત હતો એનાથી બચી અને ફિલ્ડમાં રિપોર્ટીંગ કરવું એ સૌથી મોટો પડકાર હતો. એના વિશે જેમ જેમ જાણ્યું તેમ શરૂઆતના તબક્કે ડર પણ લાગ્યો અને તેમાંથી બચી કેવી રીતે શકાય તેના ઉપાયો પણ મળતા ગયા. શરૂઆતના દિવસો ખૂબ જ ચિંતા ઉપજાવે તેવા હતા આ દિવસો દરમિયાન ફીલ્ડ રિપોર્ટીંગના કાંઈક અલગ જોખમો હોય છે એ જોખમોને બહાર પાડતા આ સો દિવસો પસાર થયા છે. એક તબક્કે એવો પણ વિચાર આવ્યો હતો કે ઘરે જ રહીએ નથી જવું નોકરી પણ પછી હિંમત કરી અને હજુ પણ આ લડાઈ ચાલુ છે.

- કલ્પેશ રાવલ, પત્રકાર

●●●

કોરોનાની શરૂઆતમાં સરકાર દ્વારા જાહેર કરાયેલા નિર્ણયોથી એમ લાગતું હતું કે ભારતમાં કોરોના વધુ ફેલાશે નહિ પરંતુ લોકોની ઓછી ગંભીરતા અને રોગના નુકશાનને ઓછું આંકવાની ભૂલ હવે મુશ્કેલી સર્જી રહી છે. શિક્ષણ ક્ષેત્ર સાથે સંકળાયેલ હોવાથી મને વિદ્યાર્થીઓના ભવિષ્યની ચિંતા પહેલા હોય એ સ્વાભાવિક છે છતાં ગાંધીનગરની ખુશનસીબી સમજો કે બધી જ અગ્રગણ્ય શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા વિદ્યાર્થીઓને ઘરે બેઠા ઓનલાઈન ભણી શકે તે માટેની વ્યવસ્થા ઉભી કરાઈ. જેનો લાભ સમગ્ર ગુજરાતના વિદ્યાર્થીઓ લઈ રહ્યા છે. વિદ્યાર્થીઓના સ્વાસ્થ્યને નુકશાન ન થાય તે માટે દિવસના એક, બે કે ત્રણ જ કલાક મોબાઈલ કે લેપટોપમાં વિડીયો લેકચર્સ મોકલાય છે. મારા મતે આવનારા ભવિષ્યમાં આ ડિજીટલ ક્રાંતિ વિદ્યાર્થીઓને બેહદ ઉપયોગી થઈ રહેશે.

- બલવંતસિંહ રાજપૂત-ફિઝિક્સ ડાયરેકટર-કિશોર ઈન્સ્ટિટયુટ, ગાંધીનગર

●●●



એક એવો સમય આવ્યો કે બધું લોક થઈ ગયું. કોવિડ-૧૯ જેવી બિમારીમાં શું કરવું એ સમજાતું ન હતું. શરૂઆતમાં તો ઘરે બેઠા શું કરશું તેજ દુવિધા હતી. મને નાનપણથી ડ્રોઈંગ અને આર્ટનો શોખ છે તો મેં આ શોખનો લોકડાઉનના સમયમાં ઉપયોગ કર્યો. આ દિવસોમાં મેં અલગ અલગ પ્રકારના ચિત્રો દોર્યા. ઘરમાં મમ્મીને કામમાં મદદ કરવાની સાથે સાથે મેં નીત નવીન ચિત્રો બનાવ્યા જેમાં શેડવાળા ચિત્રો મારા મનપસંદ છે. લગભગ પચાસથી વધુ ચિત્રો મેં બનાવ્યા અને મારું ઈન્સ્ટાગ્રામ પેજ બનાવી ધીરે ધીરે મારા સ્કેચ હું મારા પેજ ઉપર અપલોડ કરતી જાઉ છું. જેથી મને આ કાર્ય કરવામાં એક અનેરી ખુશીનો અનુભવ થાય છે. સાથે મેં અલગ અલગ પ્રકારની રસોઈ પણ બનાવતા શીખી. આમ કોરોનાના સો દિવસ જાણે કે, મારા શોખ પૂરા કરવામાં અને નવું નવું શીખવામાં જ પસાર થઈ ગયા અને બની શકે કે આ જ શોખ મારા પ્રોફેશનમાં પરિવર્તિત થઈ જાય.

- ઊર્મિ પ્રજાપતિ, ઈલે. એન્જીનીયર

●●●

સમગ્ર ભારત દેશમાં કોરોના મહામારીના સંક્રમણને રોકવા લોકડાઉન કરવામાં આવ્યું હતું ત્યારથી ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા સામાન્ય નાગરિકની સુરક્ષા માટે સતત ૧૨ કલાકથી પણ વધુ કોઈ પણ જાતની રજા લીધા સિવાય પોતાની ફરજ નિભાવી છે. જેમાં રાત-દિવસ શહેરના તમામ પ્રવેશતા નાકા પોઈન્ટ પર સતત વાહન ચેકીંગ અને લોકડાઉનનો અમલ કરાવ્યો હતો. નગરજનો વાયરસથી ઓછા સંક્રમીત થાય તે માટે પોલીસે જીવના જોખમે ફરજ બજાવી છે. પોલીસ તંત્ર દ્વારા ફુટ પેટ્રોલિંગ, ફલેગ માર્ચનું આયોજન કરી સામાન્ય નાગરિકને આ મહામારી વિશે જાગૃત રહેવા અને સંક્રમણથી બચવા માટે માસ્ક પહેરવા, સેનીટાઈઝરનો ઉપયોગ કરવો, સોશિયલ ડીસ્ટન્સ જાળવવા સહિતની બાબતોથી અવગત કરાયા હતા. નગરજનોએ પોલીસની કામગીરીને તાળીઓ પાડી, થાળી વગાડી, ફુલહાર, કોરોના વોરીયર્સ તરીકે સન્માન આપી પ્રોત્સાહીત કર્યા હતા. જ્યારે પોલીસ તંત્ર દ્વારા સિનિયર સિટીઝનો તેમજ શ્રમિકોમાં સંક્રમણ ઓછું ફેલાય તે માટે વિશેષ ધ્યાન રાખવામાં આવ્યું હતું. શહેરમાં ઓછું સંક્રમણ ફેલાય તે માટે પ્રયત્નો હાથ ધરાયા હતા. નાગરિકો વચ્ચે ફરજ બજાવતા પોલીસ અધિકારી-કર્મચારીમાં પણ વાયરસનું સંક્રમણ ના ફેલાય તેની દેખરેખ રાખવામાં આવતી હતી. આ મહામારીમાં અધિકારીથી લઈ કોન્સ્ટેબલે માર્ગ પર ઉભા રહી ફરજ બજાવી છે.

- મયુર ચાવડા, જિલ્લા પોલિસ વડા

●●●

કોરોના વાયરસ સંક્રમણને અટકાવવા સરકારને 'લોકડાઉન' કરવાની ફરજ પડી પરંતુ લોકડાઉનના કારણે અનેક નાગરિકોની આવકનો માર્ગ પણ સંપૂર્ણ પણે 'લોક' થઈ ગયો. આવા કપરાં સમયે અનેક કરૂણ દૃશ્યો નજર સમક્ષ આવ્યા અને ખાસ કરીને રોજેરોજ મજૂરી કરીને રોજે રોજનું કમાઈ ખાતા જરૂરિયાતમંદના શ્રમજીવી પરિવારોની હાલત કફોડી બની હતી. આ સમયે શહેરના દરિયાદિલ નાગરિકો તેમની મદદે આવ્યા અને તેમના માટે જમવાની, કરિયાણાની વગેરે સેવા પુરી પાડી. જ્યારે સામાન્ય નાગરિકો પોતાના ઘરની બહાર પણ નીકળતા ડરતા હતા તેવા સમયે આપણા 'રીઅલ લાઈફ હીરો' કહેવાય તેવા સેવા આપનારા સ્વયંસેવકોએ પોતાની ચિંતા કર્યા વગર હોસ્પિટલે જઈ 'રકતદાન' કર્યું હતું. કોરોનાને પગલે ઘણી તકલીફો સહન કરવી પડી પરંતુ તે સાથે માનવીમાં હજુ પણ માણસાઈનો અંત આવ્યો નથી તેની પ્રતિતિ પણ થવા પામી છે.

- પૃથક ઠકકર, ગૂંજ ફાઉન્ડેશન

●●●

વૈશ્વિક મહામારી કોરોનાને ભારતમાં ૧૦૦ દિવસ પુરા પણ થઈ ગયા અને તેના કારણે જનજીવનમાં ઘણો બદલાવ આવ્યો છે. આ મહામારીએ પરિવાર સાથે રહેવું, હંમેશા હાથ ધોઈને ખાવું-પીવું, બીનજરુરી ખર્ચા ન કરવા જેવી અનેક આદતો શીખવી છે. ખરેખર આ મહામારીમાં અમારા મિત્રોએ સેવા કરી અને અન્ય મિત્રોને પણ સેવા કરવાની પ્રેરણા આપી આ સમય દરમિયાન અમારી જેમ સેવા કરતી અન્ય સંસ્થાઓ સાથે પણ મુલાકાત થઈ તથા સમાજે પણ ભરપૂર સાથ તથા સહકાર આપ્યો. આ સાથે નવા સંબંધોનું પણ નિર્માણ થયું જેના કારણે હવે કોઈ પણ પ્રકારની મહામારી આવે તો તેની સામે લડવાની શકિત પણ મળી છે.

- કૌશિક પ્રજાપતિ, રાહુલ રંગાણી, રાધે-રાધે પરિવાર

●●●

અમારા ગાંધીનગર ખાતે વસતા રાજસ્થાન સમાજમાં શિક્ષણનો વ્યાપ ઓછો હોવાથી કોરોના કોવિડ-૧૯ અંગે સમજણ કે જાણકારીનો અભાવ હતો તેમને અમે માસ્ક કેવી રીતે પહેરવા, સેનેટાઈઝર કેવી રીતે વાપરવું વગેરેની સમજણ પુરી પાડી. સરકારે બહાર પાડેલ આરોગ્ય સેતુ એપની સમજ આપી ડાઉનલોડ કરાવી જયારે સરકારે પર પ્રાંતિય શ્રમિકોને વતન જવાની પરવાનગી આપવાનું શરુ કર્યું ત્યારે અમે તેમને ઓનલાઈન પાસ કાઢી આપવા તેમના ડોકયુમેન્ટસ મંગાવી તેની પ્રક્રિયા કરી આપી જેથી તેઓ ફોર વ્હિલર લઈ ગુજરાત બહાર વતનમાં જઈ શકયા હતા. આ સાથે અહીં સંસ્થા તરફથી ભોજન સેવા આરંભી જેમાં તમામ વર્ગના ખાસ કરીને મધ્યમ વર્ગ માટે ટિફિન સેવા પુરી પાડી. વળી, લોકડાઉન દરમિયાન કોઈએ ગૌ માતા માટે વિચાર નહોતો કર્યો અમે ગાયો માટે લીલ ઘાસચારાની વ્યવસ્થા કરી હતી. આ સમયગાળામાં સેવા કાર્યો દરમિયાન અમને એ વાતની પ્રતિતી થઈ કે આવી મહામારી ફરી ના આવે તો સારું. આ સમયે જરૂરિયાતમંદ અને મધ્યમવર્ગ મટે તો સેવા આપનાર ભગવાન સમાન જણાતા હતા.

- તુલસીભાઈ માલી, પ્રમુખ શ્રી રાજસ્થાન સેવા સમાજ ટ્રસ્ટ-ગાંધીનગર

●●●

જનતા કરફયુનો આરંભ થયો તે સાથે જ અમે નક્કી કરી લીધું હતું કે હવે યુવાનોએ ઘરે બેસી રહેવાની નહી પરંતુ બહાર નીકળીને જરૂરિયાતમંદ વર્ગની સેવા કરવાની જરુર છે. લોકાડઉનના બીજા જ દિવસથી અમે જરૂરિયાતમંદ વર્ગ માટે ભોજન સેવાનો પ્રારંભ કરી દીધો હતો અને ધીમે ધીમે તેની જરૂરિયાત વધતી ગઈ હતી. શરૂઆતમાં તો અમને એમ લાગ્યું કે આ સેવા માટે નાણાંની વ્યવસ્થા કયાંથી કરીશું પરંતુ 'જલારામ સેવા' નામથી શરૂઆત કરી હતી તેથી જાણે કુદરતી જ અમને ચોતરફથી મદદ પ્રાપ્ત થવા લાગી હતી. આમ પણ આપણે જયારે કોઈ કાર્ય નિસ્વાર્થ ભાવે કરતા હોઈએ ત્યારે જનતાનો પણ આપણા પર ભરોસો વધતો જાય છે. દાતાઓએ તો કહ્યું કે નાણાંને લીધે સેવા અટકવી ના જોઈએ અને આ સહયોગના કારણે અમે આ સેવા ૭૦ દિવસ સુધી પુરી પાડી શકયા.

- સચિન ઠકકર, જલારામ સેવા

●●●

કોરોનાની આ વૈશ્વિક મહામારીમાં ગાંધીનગર પણ બાકાત રહ્યું નથી ત્યારે ગાંધીનગર શહેરમાં ફાયર શાખા તરફથી વાહન દ્વારા સેનીટાઈઝેશનની કામગીરી રાત દિવસ કરવામાં આવી હતી. જેમાં ફાયર શાખાના તમામ કર્મચારીઓએ એક દિવસ પણ રજા લીધા વિના જીવના જોખમે પોતાની કામગીરી સતત કરી છે. આ કાર્યમાં જયાં કોરોના પોઝિટીવ કેસ આવ્યા તે સ્થળો ઉપરાંત અન્ય અનેક જાહેર સ્થળોએ પણ અમે આ કામગીરી કરી અમારાથી શકય હોય તેટલું વધુને વધુ સેવાનું યોગદાન આપવા પ્રયત્નશીલ રહ્યા હતા.

- મહેશ મોડ, ચીફ ફાયર ઓફિસર-ગાંધીનગર

માણસા રામપુરાની સીમમાં જુગાર રમતા ૪ શકુની પકડાયા

ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગર એલસીબી પોલીસની ટીમના સભ્યો માણસા વિસ્તારમાં પેટ્રોલીંગ કરી રહ્યા હતા તે સમયે પોલીસને રામપુરા ગામની સીમમાં ખુલ્લી જગ્યામાં જુગાર રમતા હોવાની બાતમી મળી હતી. જેને પગલે પોલીસે રેઈડ પાડતા જુગાર રમી રહેલા રામપુરા ગામના ચંદ્રપ્રકાશ કચરાભાઈ પરમાર, કલ્પેશ રામજીભાઈ પરમાર, મુકેશ કાળીદાસ પરમાર, ફુલાભાઈ શીવાભાઈ પરમારનો સમાવેશ થાય છે. આ તમામ જુગારીઓ રામપુરા ગામની સીમમાં આવેલ સરકારી બોર કુવાની ઓરડી પાસે જુગાર રમતા હતા.

પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ. ૧૬,૧૬૦ અને ૪ મોબાઈલ કિં.૮ હજાર તેમજ ૩ બાઈક મળીને કુલ રૂ. ૯૯,૧૬૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. એલસીબીએ રેઈડ દરમિયાન ભાગી ગયેલા કિરીટ નારાયણભાઈ પરમાર તેમજ પકડાયેલા ૪ મળીને કુલ ૫ સામે માણસા પોલીસ મથકે ગુનો દાખલ કરાવી આગળની તપાસ હાથ ધરી હતી.

પીંપળજ ગામથી ૧૫ વર્ષિય કિશોર ગુમ

ગાંધીનગર, તા.૨૯

પીંપળજ ગામના દેવુસિંહ નારણસિંહ વાઘેલા પોતાના પરિવાર સાથે રહે છે. તેમના પરિવારમાં પત્ની અને બે સંતાન છે. તેમનો દિકરો દિગ્વિજયસિંહ રવિવારના રોજ સવારે ૧૧ વાગ્યાના સુમારે ઘરેથી નીકળ્યો હતો, અને સાંજ સુધી પરત ન ફરતા પરિવારે ગામમાં અને આસપાસના વિસ્તારમાં શોધખોળ શરુ કરી હતી. કિશોર પેથાપુરની શાળામાં ધોરણ-૧૦માં અભ્યાસ કરતો હતો. શરીરે પાંતળા બાંધાનો અને રંગે ઘઉંવર્ણ કિશોરે સીલેટીયા કલરની અડધી બાયની ટીશર્ટ અને બ્લુ કલરનું જીન્સ પેન્ટ પહેર્યું હતું. દિકરો ગુમ થયાના ૨૪ કલાક બાદ પણ તેની કોઈ ભાળ ન મળતા પિતાએ પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

છેલ્લી ઘડીએ ઈ-રીટર્ન ફાઈલ કરવાના કરદાતાઓના ઉધામા

ગાંધીનગર, તા.૨૯

કોરોના મહામારીના પગલે માર્ચના અંતિમ માસથી લાગુ પડેલા લોકડાઉનના કારણે નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ના ઈન્કમટેક્ષ રીટર્ન જે એસેસમેન્ટ વર્ષ ૨૦૧૯-૨૦માં ભરવાના હોય છે તે જે કરદાતાઓના બાકી હતા તેમને તા. ૩૦મી જૂન સુધીનું એકસ્ટેન્શન આપવામાં આવ્યું હતું. આ મુદત આવતીકાલે પુરી થઈ રહી છે ત્યારે છેલ્લા બે દિવસથી ઈ રીટર્ન ફાઈલ કરવાની પ્રક્રિયામાં વધારો થયેલો જોવા મળી રહ્યો છે અને રીટર્ન ફાઈલ કરવા કરદાતાઓ તેમના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ કે નામું લખવાનું કામ કરનારા પાસે દોડાદોડા કરતાં જોવા મળી રહ્યા છે.

આકારણી વર્ષ ૨૦૧૯-૨૦નું ઈન્કમટેક્ષ રીટર્ન ફાઈલ કરવા શહેરના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટને ત્યાં કરદાતાઓનો ધસારો વધ્યો છે અને છેલ્લી ઘડીએ સરવૈયુ તથા નફો નુકશાન સાથે હિસાબો તૈયાર કરવાની મથામણમાં વેપારી કરદાતાઓ વ્યસ્ત જોવા મળી રહ્યા છે. શહેરના ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ સહિત નામું લખવાનું કામ કરતા એકાઉન્ટન્ટસ તથા ઈ રીટર્ન ફાઈલ કરવાની સેવા પુરી પાડનારા કન્સલન્ટસી અથવા ફાઈનાન્શિયલ સર્વિસ પ્રોવાઈડર્સ પણ તેમના ગ્રાહકોના કામને પુરા કરવા મોડી રાત્રિ સુધી કામ કરી રહ્યા છે. વેપારીઓ સિવાય પણ જે નોકરિયાતોના ઈ રીટર્ન ફાઈલ કરવાના બાકી હતા તેઓ પણ આ છેલ્લી તારીખોમાં પોતાના રીટર્ન ફાઈલ કરવાની મથામણમાં જોવા મળી રહ્યા છે. અને છેલ્લી ઘડીએ બેંકમાં પાસબુક ભરાવવા લાઈનો જોવા મળી હતી કેમ કે લોકડાઉનના પગલે બેંકમાં મર્યાદિત કામકાજ થતાં હોવાથી અનેક કરદાતાઓને પાસબુક પ્રિન્ટીંગ શકય બન્યું નહોતું અથવા ખાતાના ઉતારા પ્રાપ્ત થયા નહોતા તે હવે રીટર્ન ફાઈલ કરવા જરુરી હોવાથી બેંકમાં સમય બગાડીને લાઈનમાં ઉભા રહીને કરાવી રહ્યા છે. હજુ આવતીકાલે રાત્રિ સુધી ઈ રીટર્ન ફાઈલ કરવા કરદાતાઓની દોડાદોડ અને સીએની ઓફિસોમાં ધમધમાટ જોવા મળશે.

સમર્પણ કોલેજ દ્વારા વિશ્વ યોગ દિવસે ઓનલાઈન યોગ યોજાયા



ગાંધીનગર, તા.૨૯

ગાંધીનગરની સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજની યોગ અને સ્વાસ્થ્ય સમિતના ઉપક્રમે ૨૧ જુન ૨૦૨૦ રવિવારે વિશ્વ યોગ દિવસ નિમિત્તે વિદ્યાર્થીઓને ભારતની સમૃદ્ધ યોગ પરંપરાનો પરિચય કરાવવા ઓનલાઈન યોગ વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબિનારમાં વિષય તજજ્ઞ તરીકે ઉપાચાર્ય ડૉ. હેમંત વૈષ્ણવે, યોગ અને સ્વાસ્થ્ય વિષે વિદ્યાર્થીઓને દૈનિક જીવનમાં ખૂબ જ ઉપયોગી એવી યોગિક પ્રણાલીઓનો વિગતે પરિચય કરાવ્યો હતો. વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ પોતાના ઘરે કરેલા યોગાસનોનું કમ્પાઈલ વિડીયો પ્રેઝન્ટેશન આ ઓનલાઈન યોગની મુખ્ય વિશેષતા બની રહી. કોરોનાની વૈશ્વિક મહામારીના આ કપરાકાળમાં વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત અને પ્રેરિત કરવાના હેતુથી ગૂગલમીટ માધ્યમથી યોજાયેલા આ કાર્યક્રમનો લાભ ગુજરાતમાં દૂર-સુદૂર વસેલા અનેક વિદ્યાર્થીઓએ મેળવ્યો હતો. આ સમગ્ર કાર્યક્રમનું સુંદર આયોજન અને સંચાલન યોગ અને સ્વાસ્થ્ય સમિતિના સંયોજક પ્રા. શ્વેતા પવારે કર્યું હતું.

સે-૩ વસાહત મંડળ દ્વારા શહીદોને શ્રધ્ધાંજલી અર્પણ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨૯

વસાહત મંડળ સે-૩ દ્વારા તા. ૨૮ જૂનના રોજ શહીદોને શ્રધ્ધાંજલી અર્પણ કરતો કાર્યક્રમ યોજાયો હતો. રામેશ્વર મંદિર ખાતે યોજાયેલ આ કાર્યક્રમમાં તમામ હોદ્દેદારો, વસાહતીઓ, વસાહત મંડળના પ્રમુખ વિક્રમભાઈ પટેલ, મહામંત્રી મહેન્દ્રભાઈ પ્રવાસી, વોર્ડ નં. ૭ મહાનગરપાલિકાના કોર્પોરેટર જયરાજસિંહ વાઘેલા તથા કોર્પોરેટર ઉર્મિલાબેન વર્મા તમામ દ્વારા કેન્ડલ જલાવી દિવ્ય શ્રધ્ધા સુમનભરી શહીદોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. ઉપસ્થિત તમામ દ્વારા સોશિયલ ડિસ્ટન્સ જાળવી ફરજીયાત માસ્ક પહેરીને હાજરી આપવામાં આવી હતી.

ચિરવિદાય

- સ્વ. પટેલ ચીમનભાઈ ઉમેદભાઈ, ઉ.વ. ૭૦, મુ. પોર. તા. ગાંધીનગર
- સ્વ. કોકીલાબેન અમૃતભાઈ પટેલ, ઉ.વ. ૫૫, પેથાપુર
- સ્વ. સોભાવતીદેવી સમેશ્વરસીંગ રાજપુત, ઉ.વ. ૫૨, સેકટર-૨૯
- સ્વ. વાઘેલા મફાભાઈ શીવાભાઈ, ઉ.વ. ૮૦, આદીવાડા, સે-૨૮
- સ્વ. ઠાકોર જગાજી વરવાજી, ઉ.વ. ૫૫, મુ. કોટડી, તા.વિજાપુર
- સ્વ. દિનકરરાય સોમનાથ દવે, ઉ.વ. ૭૮, સેકટર-૭
- સ્વ. ઠાકોર પ્રતાપજી જેણાજી, ઉ.વ. ૭૦, મુ. ખાડીયા, તા. દહેગામ